Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૩૭ · તા.૬ થી ૧૨ સપ્ટેમ્બર ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## તેરા તિર્થના અતિ પ્રભાવકારી શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ અને શ્રી શામળીયા પાર્શ્વનાથ



શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ



શ્રી શામળીયા પાર્શ્વનાથ

મૂર્તિ તમારી મનોહારી, ઘાતક કર્મોને નષ્ટ કરનારી...
દર્શન તમારા પામીને હરખે સૌ નર-નારી !

### અનોખા તિર્થ સેવક



ભાગચંદ દામજી જૈન (ધરમશી)

તેરા તિર્થના સનિષ્ઠ સેવક, તિર્થ સેવામાં વિતાવ્યા વર્ષ બાર...
ત્યાંજ અરિહંત શરણે ગયાં, પુણ્ય તમારા અપાર.....

|| જય જીરાવલ્લા || || શ્રી શાંતિનાથાય નમો નમઃ || || જય શામળીયા ||

# આદરાંજલી...ઋણાંજલી...



**માતૃભૂમિ : કોઠારા (કચ્છ)**

**અવતરણ :**
વિ. સં. ૨૦૦૨, વૈશાખ વદ ૨
બુધવાર, તા. ૨૯-૫-૧૯૪૬
નલીયા (કચ્છ)

**કર્મભૂમિ : મુલુંડ (મુંબઈ)**

**મોક્ષગતિ :**
વિ. ૨૦૭૦, ભાદરવા સુદ ૫,
શનિવાર, તા. ૩૦-૮-૨૦૧૪
તેરા (કચ્છ)

## સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન (ધરમશી)

આપના હેતભર્યા આશિષ અને હૈયાની હૂંફ સાંભરે ને, સાંભરે આપના વાત્સલ્યભર્યા વેણ...
સાંભરે એ સાથે વિતેલ પળો અને અનંત ઉપકારો અમ પરના, ને ભીના થાય અમારા નેણ...
તમારા સ્મરણો ને તમારા ગુણો ભીંજવે અમ હૈયુ, ને હૈયુ ભીંજવે અમ આંખ...
તમારા પદચિન્હે ચાલી તમારા ગુણોને ગ્રહીએ એ જ રહી છે અમ હૃદયમાં ચાહ...

### : શોકાતુર પરિવાર :

| | | | |
|---|---|---|---|
| માતા-પિતા | : | માતુશ્રી ચંદનબાઈ દામજી કાનજી ધરમશી | કોઠારા |
| સાસુ-સસરા | : | માતુશ્રી જમકુબાઈ મેઘજી દેવશી દંડ | કોઠારા |
| ધર્મપત્ની | : | ભારતીબેન ભાગચંદ જૈન | કોઠારા |
| પુત્ર-પુત્રવધુ | : | અ.સૌ. હિના જયેશ જૈન | |
| | | અ.સૌ. હિના પ્રજ્ઞેશ જૈન | |
| | | અ.સૌ. બીજલ લોકેશ જૈન | |
| પૌત્રી | : | ચિ. પ્રિયા જયેશ જૈન | |
| પૌત્ર | : | ચિ. કરણ - ચિ. લક્ષિત પ્રજ્ઞેશ જૈન | |
| | | ચિ. જુગલ જયેશ જૈન | |
| | | ચિ. સૌમ્ય લોકેશ જૈન | |

### : શોકાતુર :

**શા. દામજી કાનજી ધરમશી પરિવાર - કોઠારા, શા. મેઘજી દેવશી દંડ પરિવાર - કોઠારા**


EXIM™ LOGISTICS SOLUTIONS we help you globalize

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ

શ્રીમતી ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ - મુંબઈ

BINITA SATISH MARU : 98690 34162

૨૦૧, મેરેથોન મેક્ઝીમા, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : ૦૨૨-૬૬૮૦૦૮૦૦ Email : jayesh@exim.ws

|| જય જીરાવલ્લા ||    || શ્રી શાંતિનાથાય નમઃ ||    || જય શામળીયા ||

# ધરમશી તથા દંડ પરિવાર તરફથી આભારની અભિવંદના



**મા**રા પરિવારના મોભીની,
ગુમાવી છે અમે છત્રછાયા,

**વ**ત્સલ વડીલની ભૂલાતી નથી,
હેતાળ હૂંફને મીઠી માયા,

**ત**ડપે છે મન મળવાને,
દેખાય છે આભાસના ઓછાયા,

**ર**ડતા હ્રદયે, દુભાતા દિલે સ્વીકારીએ,
હવે તસ્વીરમાં છો આપ સમાયા.

## શ્રી સંઘવી ભાગચંદ દામજી જૈન (ધરમશી)

### કોઠારા કચ્છ હાલે મુલુંડ, મુંબઈ

**જીવન યાત્રા : તા. ૨૯/૫/૧૯૪૬ થી તા. 30/૮/૨014**

કર્મની સત્તા સાથે, જન્મ મરણના સત્યને સ્વીકારીને અમારા વત્સલ વડીલની વસમી વિદાયની વેદનાના વજ્રઘાતના અસહ્ય ઘાને સહન કરવાની શક્તિ મળી

**અમને આપ સૌના સાથ સહકારથી....**

આપ સૌ નામી–અનામી સ્વજનો, સ્નેહીજનો, જ્ઞાતિજનો, આત્મીયજનો અને વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો, મંડળો આપ બધા અમારા દુઃખમાં સહભાગી થઈને અંતિમયાત્રા, પ્રાર્થના, ગુણાનુવાદ સભા અને રૂબરૂ મળી આપનો અમુલ્ય સમય ફાળવી અમારી સાથે રહ્યા, આપ સૌનો ખરા દિલથી ઋણ સ્વીકાર કરી અંતઃકરણપૂર્વક આભારની અભિવ્યક્તિ કરીએ છીએ. પૂ. ગુરૂભગવંતો જેમણે શોક સંદેશાઓ પાઠવી અમને સાંત્વના આપી તેમને નતમસ્તકે વંદન કરી આભાર.

**તેમજ પત્ર, ફોન, ફેક્સ, SMS, ઈ મેલ દ્વારા અમને સાંત્વના પાઠવનાર**
**આપ સૌનો અંતઃકરણપૂર્વક આભાર વ્યકત કરીએ છીએ.**

**વિશેષ આભાર :** અંતિમ સમયે અને અંતિમયાત્રાએ અમારી સાથે રહેલ
શ્રી તેરા જૈન સંઘ, એવમ્ સમસ્ત તેરા ગામવાસીઓ તેમજ વિવિધ ગામથી
પધારેલા જ્ઞાતિજનો, મહાનુભાવો અને મિત્રોનો તહેદિલથી નત્ મસ્તકે આભાર.

લિ.

**શા. દામજી કાનજી ધરમશી પરિવાર - કોઠારા કચ્છ**
**શા. મેઘજી દેવશી દંડ પરિવાર - કોઠારા કચ્છ**
**માતુશ્રી ભારતીબેન ભાગચંદ દામજી જૈન - કોઠારા (મુલુંડ)**
**હીના જયેશ જૈન • હીના પ્રજ્ઞેશ જૈન • બીજલ લોકેશ જૈન**

**ચિ. પ્રિયા જયેશ જૈન, ચિ. કરણ - ચિ. લક્ષિત પ્રજ્ઞેશ જૈન,**
**ચિ. જુગલ જયેશ જૈન, ચિ. સૌમ્ય લોકેશ જૈન**

BINITA SATISH MARU : 98690 34162

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 37/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


# રાયપુર જ્ઞાતિસંમેલન બાબત હકારાત્મક અભિગમ કેળવવો રહ્યો

બે દાયકાથી વધુ સમય બાદ મળી રહેલ જ્ઞાતિ સંમેલનનું વર્ષ જે ઉત્સાહ અને ઉમંગથી ધબકવું જોઈએ તે તેના આડે માત્ર ચાર મહિના રહ્યા છે, ત્યારે પણ વર્તાતો નથી. વધુમાં વિવિધ જ્ઞાતિ સંસ્થાઓના અગત્યના કાર્યો એવી રીતે ટકરાઈ રહ્યા છે કે તે માટે સર્વાંગીણ પ્રતિનિધિત્વ મેળવવું પણ અઘરું કામ છે.

જોકે, દરેક વાતને જોવાની બે દૃષ્ટિ હોય છે : તેની કાર્યસૂચિ પરની બાબતો જોતાં તે જ્ઞાતિ ઈતિહાસમાં સીમા ચિન્હ બનશે, એ વાતમાં શંકાને સ્થાન નથી. બાકી એક જ વસ્તુ સ્થિતિને ગ્લાસ અડધો ભરેલો છે અને ગ્લાસ અડધો ખાલી છે એમ બન્ને રીતે વર્ણવી શકાય.

મર્યાદિત પ્રતિનિધિત્વ અને સહભાગ છતાંય આ રાયપુર જ્ઞાતિ સંમેલન કેટલાક વિશેષ કારણોસર સીમાચિન્હ બનશે એ નક્કી છે. એ વિશેષ કારણો આ પ્રમાણે છેઃ

૧) કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ નાની ન્યાતને મુખ્ય પ્રવાહમાં ભેળવવાની ઔપચારિકતા, આ સંમેલનમાં પરિપૂર્ણ થશે.

૨) સમસ્ત કચ્છી દશા ઓસવાલ મહાજનના નેજા હેઠળ - સમસ્ત જ્ઞાતિનું પ્રતિનિધિત્વ ધરાવતી કોઈપણ સંસ્થા હેઠળ મળનારું આ પ્રથમ જ્ઞાતિ સંમેલન હશે.

૩) જ્ઞાતિના રીતિ રિવાજ કયા હતા કયા છે અને તે અંગે અધિકૃતપણે કહેવાનો અધિકાર માત્ર સંમેલનને જ છે. અલબત્ત તેની પૂર્વ તૈયારી કરવાનું કામ સમસ્ત મહાજનનું છે.

સમસ્ત મહાજને આ દિશામાં સાચા પગલાં રૂપે એક ખાસ સત્રનું આયોજન કર્યું જ હતું તેમાં ઘણા મહત્વના સૂચન હતા કે જેને આ સંમેલનમાં રજુ કરી તેની પર સર્વ સંમતી સાધી, જ્ઞાતિના સામાજિક વ્યવહારને નવી દિશા આપી શકાય.

અ) ઈ.સ. ૧૯૧૧ના જ્ઞાતિ મેળાવડામાં પસાર થયેલા વનાળા અને વડી રજાના કાળગ્રસ્ત થઈ ગયેલા પણ હજુ સુધી પળાતા રહેલા રિવાજને નાબૂદ કરતો ઠરાવ પસાર કરી એ બાબત જાગૃતિ આણી શકાય.

બ) વર પક્ષે આપવાનાં વડીરજાના જમણને બદલે ખાસ સત્રમાં આગ્રહ કરવામાં આવેલો તે પ્રમાણે લગ્ન ખર્ચ વર-કન્યા બન્ને પક્ષોએ ભોગવવો એવો સમયોચિત ઠરાવ કરી શકાય.

ક) આ સત્રમાં એક મહત્ત્વની વાત એ પણ ચર્ચાઈ હતી કે અન્ય જ્ઞાતિમાંથી આવતી કન્યાઓને જેમ અપનાવી લઈએ છીએ તેમ અન્ય જ્ઞાતિમાં જતી કન્યાઓ માટે પણ વિશેષ ભાવ દાખવવો જોઈએ.

આ સંબંધે વધુ વાત તે વખતે નહોતી થઈ પણ એ ભાવના સાથે સહમતી વર્તાતી હતી.

આ સંબંધમાં અન્ય જ્ઞાતિમાં પરણેલી કન્યા આજીવન જ્ઞાતિની સભ્ય રહે અને તેના સંતાનો ૧૮ થી ૨૧ વર્ષના થાય તેની વચ્ચે અરજી કરીને જ્ઞાતિના સભ્ય થઈ શકે એવો વ્યવહારુ માર્ગ વિચારી શકાય.

ડ) એ સત્ર પછી તરત જ કાર્યરત થવી જોઈતી રીતિરિવાજોનું સમયોચિત તથા તેની અંગ્રેજી આવૃત્તિ પણ પ્રકાશન કરનારી મૂલ્યાંકન કરતી સમિતિની રચના

# કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધિ

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# KDO KLASSIK
## SAMAJ UTKARSH NIDHI

MANAGED BY : **KDO KLASSIK-MUMBAI** REGISTERED UNDER SOCIETIES REGISTRATION ACT, 1860 (REGD. NO. 1374 OF 1998)

C/O. VIJAY COTTON & FIBRE CO., 101, SHRIVIDYA VIHAR, FIRST FLOOR, HAPPY HOME SOCIETY, NEHRU ROAD, VILE PARE (EAST), MUMBAI - 400 057.

PHONE : 2618 1778 • 2618 1779 • FAX : 2618 1777 • E-MAIL : kdoklassik.nidhi@gmail.com


## કચ્છમાં વસતા જ્ઞાતિજનો માટે કચ્છ મુકામે આંખની ટ્રીટમેન્ટ

અમારી સંસ્થા ''કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધિ'' દ્વારા ફેબ્રુઆરી, ૧૯૯૮માં મુંબઇ ખાતે ''પ્રથમ દ્રષ્ટિ (SIGHT FIRST) અભિયાન'' શરૂ કરવામાં આવેલ જેમાં મોતિયા ઉપરાંત ત્રાંસી આંખ (બાડાપણું) તથા પાંપણ વગૈરેના ૧,૦૦૦ થી વધુ આંખના ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડેલ છે. ઉપરાંત સેંકડો જ્ઞાતિજનો આંખની લગતી વિવિધ સારવાર લઇ ગયા છે. જ્ઞાતિજનોને આ સેવા નિઃશુલ્ક (FREE) આપવામાં આવે છે.

કચ્છ જીલ્લામાં વસતા જ્ઞાતિજનોને મુંબઇ સુધી પ્રવાસ ન કરવો પડે એ શુભ ઈરાદાથી સપ્ટેમ્બર, ૨૦૧૪ થી ''પ્રથમ દ્રષ્ટિ (SIGHT FIRST) અભિયાન'' કચ્છમાં શરૂ કરવાનો અમારી સંસ્થાએ નિર્ણય કરેલ છે. આ અંગે કચ્છની સુપ્રસિધ્ધ બીદડા હોસ્પીટલ સાથે અમે વ્યવસ્થા કરેલ છે. આંખની તપાસણી / સારવાર / ઓપરેશન જ્ઞાતિજનો માટે બીદડા હોસ્પીટલમાં નિઃશુલ્ક (FREE) કરવામાં આવશે.

આંખની કંઇ પણ તકલીફ થાય તો પુરું નામ, સરનામું, ટેલીફોન/મોબાઇલ નંબર અમને પત્ર/ફેક્સ/ E-Mail દ્વારા ઉપરના સરનામે લખી મોકલાવશો તો આપને ઘરે બેઠા સર્વ માહિતી અમે કોરીયર (જ્યાં કોરીયર સર્વિસ ન હોય ત્યાં અન્ય પધ્ધતિથી) મારફત મોકલાવી આપીશુંજી.

આંખની ટ્રીટમેન્ટ અભિયાનના પરિણામોને ધ્યાનમાં લઇ અન્ય રોગોના અભિયાન કચ્છમાં તબક્કાવાર શરૂ કરવાનો અમારી સંસ્થાનો શુભ ઈરાદો છે.

કચ્છ જીલ્લામાં વસતા સર્વ જ્ઞાતિજનોને આંખની ટ્રીટમેન્ટ માટે સેવા કરવાનો અમારી સંસ્થાને લાભ આપવા વિનંતી છે.

## મુંબઈમાં ૩ અભિયાન

અમારી સંસ્થા દ્વારા મુંબઈમાં ૩ અભિયાન ચલાવવામાં આવે છે. (૧) ''પ્રથમ દ્રષ્ટિ (SIGHT FIRST) અભિયાન'' (૨) ''ENT અભિયાન'' અને (૩) ''દંત ચિકિત્સા અભિયાન'' આ ત્રણે અભિયાનો હાલની જેમ દર બુધવારે ચાલુ જ રહેશે જેની નોંધ લેશોજી. આ ત્રણે અભિયાનો જ્ઞાતિજના માટે નિઃશુલ્ક (FREE) છે.

ભારતમાં ગમે ત્યાં વસતા જ્ઞાતિજનો મુંબઈના આ ૩ અભિયાનનો લાભ લઈ શકે છે.

આપના સૂચન આવકાર્ય છે.

|| મિચ્છામી દુક્કડમ્ ||


| HIRACHAND D. DAND | MINAL B. KHONA | SARASWATII J. LAPSIAA | CHANDRIKA C. LODAYA | CHAMPSHI D. HEFTA |
|---|---|---|---|---|
| PRESIDENT | VICE-PRESIDENT | HON. SECRETARY | HON. JT. SECRETARY | HON. TREASURER |

ન થઈ શકી એ કચાશને દૂર કરવા માટે આ સંમેલન સારો મંચ હશે.

૪) આ સંમેલનમાં સમસ્ત કચ્છી દશા ઓસવાલ મહાજનના બંધારણમાં સમયોચિત ફેરફાર કરવાના ચક્ર ગતિમાન થઈ ગયા છે અને ૧૪મી સપ્ટેમ્બરમાં ચાલીસગામમાં તેને ચોક્કસ આકાર મળશે.

આ સંમેલનમાં થનારા પ્રકાશ સમીક્ષાના તંત્રીના યુવાનો અને મહિલાઓને યથા યોગ્ય પ્રતિનિધિત્વ આપવા સંબંધી સુધારા સહિતના બંધારણીય સુધારાઓથી સમસ્ત મહાજનને નવો અને સમયોચિત ઘાટ મળશે, જેથી તે વજુદવાળી અને પ્રભાવ પાડી શકનાર સંસ્થા બનશે એવી આશા વધુ પડતી નહીં ગણાય.

અલબત્ત કેટલાક આગેવાનો યુવાનો જ્ઞાતિની બાબતોમાં રસ લેતા નથી અને મહિલાઓ મહિલા મંડળ ચલાવે જ છે તે એવી વૃત્તિ ધરાવે છે, તેને કારણે આ સમયોચિત વાત અધ્ધર ન લટકે એ બાબત અત્યારથી જ સાવચેત રહેવું રહ્યું.

સમસ્ત મહાજનની મહાસમિતિની સંમેલન પહેલા બેઠકોની કાર્ય સૂચિ પર અગાઉના સંમેલનોમાં થયેલા ઠરાવો માત્ર કાગળ પર જ રહ્યા છે, એવી જ્ઞાતિજનોની ફરિયાદ અંગે ઘટતું કરવાની વાત વધુ સમાવવામાં આવી છે તેથી આ સંમેલનમાં નવા ઠરાવ કરવાને બદલે જૂના ઠરાવોને સમયોચિત બનાવી તેમનું પાલન કરાવવાની દિશામાં વધુ વિચારણા થશે. જે પોતે જ્ઞાતિ ઈતિહાસમાં સીમા ચિન્હ સાથેનો વળાંક બનવાની પૂરી સંભાવના ધરાવે છે.

અલબત્ત અહીં પણ એ વાત ભુલવી ન જોઈએ કે અગાઉ થયેલા ત્રણેય સંમેલનો જ્ઞાતિને કેટલીક નક્કરની વાતો આપી ગયા છે જ.

પ્રથમ સંમેલનમાં ઊભી થયેલ શિક્ષણ પ્રચારક સમિતિથી જ્ઞાતિ પૂર્ણપણે સાક્ષર બની અને ઉચ્ચશિક્ષણ આડેની અડચણો દૂર થઈ, જેથી આજે જ્ઞાતિ પાસે ઉચ્ચ શિક્ષણ પામેલાઓની નોંધ પાત્ર સંખ્યા છે.

બીજા સંમેલને જ્ઞાતિને એકમ જેવા સમાજજીવનને ધબકતું રાખનારા વિકેન્દ્રિત મંચ આપ્યા. જ્ઞાતિની સહકારી બેંક સ્થાપવાના પ્રથમ સંમેલનમાંના નિર્ણયનો અમલ કરવા માટે નક્કર વિચારણા થઈ જેની ફલશ્રુતિરૂપે સ્થપાયેલી શ્રી અરિહંત કો-ઓપ બેંક તેના અસ્તિત્વના ત્રીજા દાયકામાં ઉચ્ચ અને ઉચ્ચશિખરો સર કરી રહી છે. બીજા સંમેલન વખતે થયેલ જ્ઞાતિની સમયોચિત ઉચ્ચ શિક્ષણ (ટેકનોલોજીનું શિક્ષણ) આપતી સંસ્થા ઊભી કરવાનું સપનું પુરું કરવા સૌ ધારીએ તો ચોથા રાયપુર જ્ઞાતિ સંમેલનમાં નક્કર કામ થઈ શકે.

ત્રીજા સંમેલને મુખ્યત્વે સમસ્ત મહાજન જેવી બધી મહાજનોની પ્રવૃત્તિઓનું સંકલન કરતી પ્રતિનિધિક સંસ્થાનો ખ્યાલ આપ્યો. ચોથું સંમેલન એ ખ્યાલને સમયોચિત અને નક્કર પરિણામો મેળવનાર સંસ્થામાં પલ્ટી તેનું વજુદ તથા પ્રભાવ વધારી શકે.

સંમેલનને આડે જ્યારે ચાર મહિના જ રહ્યા છે ત્યારે એક વાસ્તવિક ચીજ સૌએ સ્વીકારી લેવાની જરૂરી છે તે એ છે કે જે રીતે ચક્રો ગતિમાન થયા છે તે રીતે સફળ થવાની શક્યતા હોય કે ન હોય, ઔપચારિક રીતે સંમેલન યોજાવાનું જ છે. વાસ્તવમાં કોઈ પણ સંમેલન કે અધિવેશન તેના પૂર્વ તૈયારીરૂપ વિવિધ મંચો પર થયેલ કાર્યવાહીને અંતિમ રૂપ આપવાની ... ફાઈનલ કરવાની ઔપચારિકતા નિભાવીને કરવામાં આવેલ સમાપન હોય છે.

સંમેલન પૂર્વ દરેક મહાજન તેના પ્રતિનિધિઓથી નિમણૂક કરવા મળે તે અપેક્ષિત છે. આ પ્રતિનિધિ મંડળમાં મહિલાઓ અને યુવાનોને પણ સારું પ્રતિનિધિત્વ મળે એ ઈચ્છનીય જ નહીં જરૂરી છે.

**- ચંદ્રસેન મોમાયા**

## પ્રકાશ સમીક્ષાનો હવે પછીનો દરેક અંક આર્ટ પેપરના કવરવાળો

લોક લાગણીને માન આપીને પ્રકાશ સમીક્ષાના હવે પછીના દરેક અંક આર્ટ પેપરના ફોર(મલ્ટી) કલર કવરવાળા કરવાનો નિર્ણય કર્યો છે. તેથી અંદર ગ્લેઝ ન્યુઝ પ્રિંટવાળા પાના ફક્ત ખાસ આવશ્યકતા હોય ત્યારે જ છપાશે બાકી સામાન્ય અંકોના અંદરના પાના બ્લેક એન્ડ વાઈટ જ હશે.

## ઉત્સવો નિમિત્તે મર્યાદિત સામગ્રીવાળા અંક

પ્રકાશ સમીક્ષાના અત્યારના બે અંક પર્યુષણ અને ગણેશોત્સવ નિમિત્તે મર્યાદિત સામગ્રી સાથેના કાઢવા પડયા છે. આવતા અંકથી બધુ નિયમ પ્રમાણે થઈ જશે. પાસ થયા અભિનંદનના ફોટા અને પરિણામો પણ આવતા અંકમાં પ્રગટ થશે.

॥ નમામિ જ્ઞાતિ મૈયા ॥

જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

ના કોઈની માથે, સદા સૌની સાથે

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન

C/o. સેક્રેટરી જનરલ : **ચીમન મોતા** - તન-મન ટુર એન્ડ ટ્રાવેલ્સ : ૧૯-૨૦ મોનાણી સદન, J. N. રોડ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૮૦. ફોન : ૨૫૯૦૩૫૧૪/૫/૬

**જ્ઞાતિનું સળંગ ૪ થું અને સમસ્ત મહાજન દ્વારા આયોજીત પ્રથમ**

# જ્ઞાતિ સમ્મેલન

**પોષ સુદ-૫/૬/૭, શુક્ર/શનિ/રવિવાર, તા. ૨૬, ૨૭, ૨૮ ડિસેમ્બર, ૨૦૧૪**

## રાયપુર - છત્તીસગઢ

યજમાન મહાજન : **શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, રાયપુર**

## મહાજનોને વિનંતી

- દરેક દસ ચુલાદીઠ એક પ્રતિનિધીના ગુણાંકમાં આપના મહાજનનાં પ્રતિનિધીઓની નિમણુંક કરી તેની વિગતવાર લેખીત જાણ સત્વરે અમને કાર્યાલયે કરવા વિનંતી.
- દસ ચુલાથી પણ ઓછી વસ્તી હોય, મહાજન રચાયું ન હોય, તો પણ આપમાંથી એક પ્રતિનિધી અચૂક નક્કી કરીને મોકલાવશોજી.
- મહાસમિતિનાં પ્રતિનિધીઓ-અધિકૃતિઓ-સમ્મેલનમાં સહભાગી થશે, થવા નિમંત્રણ છે. એટલે તે સિવાયના અન્ય પ્રતિનિધીઓની નિમણુંક કરવા વિનંતી છે.
- તદુપરાંત મહાજનશ્રીનાં પદાધિકારીઓ, ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ, સંસ્થાઓના અધિકારીઓ, શ્રેષ્ઠિવર્યો, જ્ઞાતિ હિતચિંતકો, આગેવાનો, વિચારકો, કાર્યકર્તાઓ આપ સૌ પણ વિશેષરૂપથી આમંત્રિત છો.
- સમ્મેલનને ફળદાયી બનાવવા આપના સલાહ-સૂચન-સહયોગ અને ઉપસ્થિતિ અનિવાર્ય છે.

## સમસ્ત જ્ઞાતિને નિમંત્રણ

સૌ જ્ઞાતિજનોને પધારવા, આ ઐતિહાસિક અવસરનાં સાક્ષી બની, તા. ૨૮ ડિસેમ્બરનાં ખુલ્લાં ચર્ચા સત્રમાં સહભાગી થઈ, તા. ૨૯ ડિસેમ્બરનાં **શ્રી ઊવસગ્ગહરં યાત્રા**નો લ્હાવો લેવા ખાસ નિમંત્રણ છે. તદુપરાંત જ્ઞાતિના વિશાળ હિતાર્થે જ્ઞાતિ સ્તરીય સલાહ-સૂચનો સાદર આમંત્રિત છે.

## બંધારણમાં સુધારા

સમસ્ત મહાજનના/સમ્મેલનના બંધારણ અંગે કોઈ સુધારા-વધારા સૂચવવા હોય તો તા. ૩૦.૯.૨૦૧૪ સુધી લેખીત જણાવવા વિનંતી. જેથી બંધારણ સમિતીને યોગ્ય નિર્ણય લેવા પુરતો સમય મળી રહે.

**ખાસ વિનંતી :-**

- સમ્મેલનમાં પધારનાર પ્રત્યેક જ્ઞાતિજનની વ્યવસ્થા સચવાય અને તેમાં સુગમતા રહે તે માટે આપના અવાગમનની વિગતવાર જાણ સમયસર લેખીતમાં કરવા વિનંતી.
- મહાજનશ્રી તેમજ મહાસમિતિ અને એકમોને પણ પત્ર પાઠવાયેલ છે. પત્ર વહેલા મોડા થાય કે કદાચ ન પણ મળ્યાં હોય તો, આ વિજ્ઞપ્તિને રૂબરૂ આમંત્રણ જાણી અવશ્ય પધારવા કૃપા કરશોજી.

**સમ્મેલન અંગે**
જ્ઞાતિશ્રેષ્ઠિ-આગેવાનો, કાર્યકર્તાઓની એક સભા રવિવાર, તા.૧૪.૯.૨૦૧૪ ચાલીસ ગામ ખાતે સાંજે ૭.૦૦ વાગે મળશે. જરૂર પધારશોજી.

લિ. **ચિમન મોતા** (સેક્રેટરી જનરલ)

# શુભાનુબંધ ભાગ-૧ અનુબંધ અને તેનું કારણ

– ડૉ. પ્રવિણ સી. શાહ

સર્વજ્ઞ ભગવંતોએ જૈન દર્શનમાં મોક્ષમાર્ગના ઉપદેશમાં શુભાનુબંધ શબ્દને ખૂબ જ મહત્ત્વનો અને આત્મ વિકાસમાં ઉપયોગી સમજાવ્યો છે. આ શબ્દને સમજનારા અને જીવનમાં અનુસરનારનો જ મોક્ષ થાય છે એ સિવાય કોઈનો પણ મોક્ષ શક્ય નથી. મોક્ષે ગયેલા અને મોક્ષે જનારાએ આ શબ્દને બરાબર સમજી જીવનમાં ઉતાર્યો છે, ઉતારવાનો છે. દુનિયાના કોઈપણ દર્શને આટલી સચોટતાથી મોક્ષ પામવાનો માર્ગ બતાવ્યો નથી.

ધર્મ કરીને અશુભ અનુબંધ ન પડે અને ધર્મ સંસારના પરિભ્રમણનું કારણ ન બને તે તેનો ઉપદેશ છે. અનુબંધ આખી સાધનાની મુખ્ય આધારશીલા છે. ધર્મ કરીને શુભબંધ સાથે અનુબંધ અશુભ ન પડવો જોઈએ. શુભયોગ વખતે જીવ ગુણોનું સેવન કરે છે. મન- વચન-કાયાની શુભ પ્રવૃત્તિ તે શુભ બંધનું કારણ છે, પણ શુભ અનુબંધનું તે કારણ ન પણ હોય. આવો ધર્મ જીવ અનંતવાર કર્યા કરે છે પણ તે નિષ્ફળ જાય છે, યાને કે મોક્ષ આપી શકતો નથી. આવા ધર્મથી ખાલી અભ્યુદય થાય પણ તે ધર્મ મોક્ષનું કારણ બનતો નથી. ધર્મનું મુખ્ય ફળ મોક્ષ આપવાનું છે, સંસારના સુખો મેળવી આપવા તે ધર્મનું આનુષંગિક કાર્ય છે.

અનુબંધનું મુખ્ય કારણ તમારી મનોવૃત્તિ છે. અત્યારે ધર્મ કરવા આવનારની માન્યતા શું હોય છે? ધર્મ કરવાથી આ લોકના વિઘ્નો દૂર થશે, પરલોકમાં પણ ભૌતિક સુખો મળશે, માન-કીર્તિ-યશ અને અનુકૂળતાઓ મળશે, આવી આવી ભાવનાઓથી ધર્મ કરે. ઘણા તો માત્ર કુલાચારથી ધર્મ કરતા હોય છે.

મોક્ષસાધક અધ્યવસાય નથી હોતા તેથી તો ક્રિયા અકામનિર્જરા સ્વરૂપ છે. તે ધર્મ સંસારના અભ્યુદયનું કારણ બને પણ મોક્ષનું કારણ બને જ નહીં. મનોવૃત્તિ અશુભ હોય ત્યારે પણ ગુણ સેવે, જેમકે જીવ દાન આપે છે તે તેની ભક્તિ-દયાનું પરિણામ છે, ઉદારતા પણ છે, ભગવાન પ્રત્યે ત્યારે પૂજ્યબુદ્ધિ પણ હોય માટે તે ગુણ સેવતો હોય છે, તેથી બંધ શુભ પડે છે, જેનાથી અનુકૂળ ભૌતિક સામગ્રી મળે છે. પણ આ આખો સંસાર અવિરતિમય છે. સંસારમાં પ્રવૃત્તિ કરું છું તે બધું પાપબંધનું કારણ છે, અને તેથી સંસારનું પરિભ્રમણ છે, માટે આ અવિરતિથી છૂટવા માટે ધર્મ કરું, આમ જીવ વિચારતો નથી. સર્વવિરતિ ધર્મ છે. આખો સંસાર અર્થ-કામરૂપ છે, અવિરતિરૂપ છે. અવિરતિ તે અધર્મ છે અને અધર્મ તે પાપ છે. આવું જીવ જોધથી પણ માને તો તેના અનુબંધમાં ફેર પડશે, અશુભ અનુબંધ શિથિલ થવાનું ચાલુ થશે, અને જો તેને પચાવી જાણે તો અનુબંધ શુભ પડે.

પૂ.આ. શ્રી હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે તત્ત્વની રુચિ કે અરુચિ તે અનુબંધનું કારણ છે, જે મનમાં છે. નિશ્ચય નયથી તો બંધનું કારણ પણ મન જ છે અને અનુબંધનું કારણ પણ મન જ છે. વ્યવહાર નય મન- વચન-કાયાને પણ બંધનું કારણ માને છે, વચન-કાયા સહકારી કારણ છે. વચન-કાયાનું પ્રવર્તન મનને અનુરૂપ જ હોય છે. મારું મન અહિંસક હોય તો મારા વચન-કાયા પણ મને અહિંસક જ ફાવશે. આમ, મનની જ અભિવ્યક્તિ વચન-કાયામાં થાય છે.

વ્યવહાર નય સહકારી કારણને પણ માને છે માટે કહે છે કે પ્રસંગે મનમાં કષાય ઉત્પન્ન થાય તો તેને અનુરૂપ વચનની પ્રવૃત્તિ કરવી નહિ, વિશેષમાં કાયાથી પણ તેને અનુરૂપ પ્રવૃત્તિ ન કરવી, અને જો કરશો તો કર્મબંધ વિશેષ થશે. સહકારી કારણ છે માટે તેને પણ સ્થાન છે.

સમંજસવૃત્તિથી કરાતા ધર્મમાં જે જે જ્ઞાન-દર્શન આદિની ક્રિયા થાય, તેનાથી તે તે ગુણોની શુદ્ધિ થશે. અસમંજસવૃત્તિથી ધર્મ થાય તો જ્ઞાન-દર્શન-ચારિત્રની શુદ્ધિ થતી નથી, ફક્ત અભ્યુદય જ થાય છે. સમંજસ વૃત્તિ એટલે? સમંજસવૃત્તિ એટલે ભગવાને જેનો નિષેધ કર્યો છે તેના ત્યાગપૂર્વક અને જેનું વિધાન કર્યું છે તેના સેવનપૂર્વક થતી ક્રિયા, તે સમંજસવૃત્તિપૂર્વક થતી ક્રિયા છે. તેમાં પ્રણિધાન આદિ પાંચ આશયો જોઈશે.

પ્રણિધાનરૂપ પાંચ આશયો તે ભાવો. તેના વગરની બધી પ્રવૃત્તિઓ મનથી, વચનથી કે કાયાની સ્થિરતાથી, એકાકારતાથી, તલ્લીનતા સાથેની હોય, પણ જો પ્રણિધાન વગેરે પરિણામ ન હોય તો તે બધી ભાવશૂન્ય ક્રિયા કહેવાય છે. ભાવશૂન્ય ક્રિયાનું ફળ તુચ્છ છે. તેનાથી થતો પુણ્યબંધ સંસારની ભૌતિક સગવડતા અપાવે, પણ મુક્તિદાયક ફળ નથી અપાવી શકતો.

## શ્રી ભલારા દાદા ટ્રસ્ટ, લાલપુર

C/o, યુ.એમ.ખોના એન્ડ કંપની, ૧૦/૧૧, યુનિવર્સલ મેજિસ્ટ્રીક, ઘાટકોપર માનખુર્દ લીંક રોડની સામે, ચેમ્બુર (વેસ્ટ), મુંબઈ - ૮૮. ફોન : ૬૧૫૫ ૯૯૯૯

અને

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ

૨૦૧, મેરેથોન મેક્સીમા, એલ.બી.એસ.માર્ગ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.
ફોન : ૬૬૮૦૦૮૦૦ (૧૦૦ લાઈન)

પૂ.ગુરુદેવ શ્રી નયપદ્મસાગરશ્રીજી મ.સા.ની પ્રેરણાથી સમાજના સર્વ જૈનો માટે વિશેષ લાભદાયી અને ઉપયોગી મેડીક્લેઈમ પોલીસી

# ''શ્રાવક આરોગ્યમ્''

**રૂા.2,00,000 ની અદ્ભૂત મેડીકલ ઈન્સ્યુરસન્સ સ્કીમ**
+
**રૂા.10,00,000ની અકસ્માત વીમા પોલીસી**

**પ્રીમીયમ માત્ર રૂા.1800 દર વર્ષે**

**મેડિકલ ચેકઅપની જરૂરત નથી**

**આયોજક : JIO જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન**

ક.દ.ઓ. સમાજની કોઈપણ ૦ થી ૮૦ વર્ષ સુધીની વ્યક્તિ બાકી રહી ન જાય એ માટે આપની ઉપરોક્ત સંસ્થાએ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિજનો માટે આ યોજના લાવેલ છે. ફ્લોટર (પતિ-પત્ની + મા-બાપ+ ૨૫ વર્ષ સુધીના ૨ સંતાનની સંયુક્ત)ની પોલીસીના રૂા.૭૨૦૦ અને ઈન્ડીવીઝ્યુઅલના રૂા.૧૮૦૦ જેમાં આપને બંધ બેસતું લાગતુ હોય તેમાં દરેકે દરેક જ્ઞાતિજનોને જોડાવવા નમ્ર વિનંતી.

**ખાસ નોંધ**

૧. દરેક જૈન પરિવારને ખાસ આગ્રહ કે દરેકે જણ આ અનોખી, ખૂબજ વ્યાજબી મેડીકલેમ યોજનાનો સપરિવાર લાભ લે.
૨. કોઈપણ વ્યક્તિ ખોટો ક્લેઈમ કરશે તો તેને અને તેના પરિવારની પોલીસી રદ કરાશે અને કોઈ રીફંડ આપવામાં નહીં આવે.
૩. પોલીસીની શરૂઆત સપ્ટેમ્બર, ૨૦૧૪ થી થશે.
૪. દરેક ફોર્મ સાથે આપવાનું 'જૈન'નું સર્ટીફીકેટ, આપણી સંસ્થા દ્વારા જ આપવામાં આવશે જેથી કોઈએ ઉપરોક્ત સર્ટિફીકેટ જોડવું નહીં.
૫. ૨ ફોટા પાછળ નામ, જન્મ તારીખ લખી એક પ્લાસ્ટીક થેલીમાં મૂકી ફોર્મ સાથે સ્ટેપ્લર કરવું.
૬. આપની બીજી પોલીસી હોય તો પણ ખર્ચામાં બાકી રહેલ રકમ આ પોલીસીથી મળી શકશે.

ફોર્મ મેળવવાનું અને પાછા આપવાનું સ્થળ : ગુર્જરમાત

એ-18, મોનાણી સદન, ભારત બેંકની સામે, જે.એન.રોડ, મુલુંડ(વે). ફોન : 25688297

**ખાસ નોંધ : શ્રાવક આરોગ્યમની કોઈપણ વિગતની પૂછપરછ નીચે આપેલ ફોન નંબર પર કરવી પ્રુડન્ટ ઈન્સ્યોરન્સ બ્રોકર્સ પ્રા.લિમીટેડ ૭૫૦-૬૬૫૪૯૫૧ થી ૬૦ (દસ લાઈન)**

# પિતા ગયા પછી પણ હોય છે - વિનેશ અંતાણી

વરસો પહેલાં ડિસેમ્બર મહિનામાં કચ્છની કારમી ઠંડીથી એક સવારે અમે મારા પિતાજીને હોસ્પિટલમાંથી ઘેર પાછા લઈ જવાનું નક્કી કર્યુ હતું. સાજા કરીને નહિં, એમની અવ્યક્ત ઈચ્છા પ્રમાણે પોતાના જ ઘરમાં, એમની જગ્યાએ, શાંતિથી વિદાય લઈ શકે તે માટે. છએક વરસથી લકવાનો સામનો કરતા કરતા એક રાતે તેઓ કોમામાં સરી પડયા હતા અને પાછા વળવાનું નામ લેતા નહોતા. છેલ્લે તબિયત વધારે ને વધારે બગડતી જતી હતી, માત્ર દાવાના જોર ટકી રહેતા હતા, ત્યારે તે સવારે બાએ કહ્યું હતું: ‘હવે એમને ઘેર લઈ જઈએ.’ એ ઘર, જે એમણે અમારા બધા માટે બનાવ્યું હતું.

તેઓ નોકરીમાંથી નિવૃત્ત થયા ત્યારે મને કહ્યું હતું: ‘હું બચત કરી શક્યો નથી, પરંતુ તારા પર એક પૈસાનું દેવું પણ મૂક્યું નથી.’ સંદેશ સ્પષ્ટ હતો, એમણે મને સમથળ વર્તમાનનો વરસો આપ્યો હતો, જેના પર અમારે જાતે અમારી ઈમારત ઊભી કરવાની હતી. પિતા કશુંય ન આપવાનો દેખાવ કરીને સંતાનોને એક આખેઆખું ભવિષ્ય આપી દેતા હોય છે.

પિતા અને પુત્રના સંબંધ વિલક્ષણ હોય છે. તેમાં માતા સાથે હોય તેવી મૂખરતા હોતી નથી, બધું કહી દેવાનું હોતું નથી, પિતા-પુત્ર વચ્ચે હંમેશા એક મૂક સંવાદ ચાલતો રહે છે, જેમાં અવ્યક્ત લાગતા પ્રેમની સુગંધ આવ્યા કરે છે. મારા પિતાએ મને એમને પગે લાગવાની ના પાડી હતી. કહેતા નહીં, છતાં એમના વર્તનમાંથી કળાતું કે એ કહી રહ્યા છે : ‘મિત્રો મળે ત્યારે ભેટે, એકબીજાને પગે લાગે નહીં.’ પિતા જ્યારે મુરબ્બીપણાના આવરણમાંથી બહાર નીકળે છે ત્યારે જ એમને વધારે પારદર્શક થયેલા અનુભવી શકાય છે. કદાચ પિતા અને પુત્રના સંબંધમાં સૌથી વધારે જરૂરી આવી પારદર્શકતાઓની હોય છે.

પુત્રે આપેલી વેદનાઓને પિતા એના વૃધ્ધ થતા જતા ચહેરા પાછળ સંતાડી દે છે - સમજદાર પિતા માટે ચહેરા પાછળ બધું જ સંતાડી રાખવાની આવડતનું બીજું નામ પારદર્શકતા છે. પિતા પુત્ર પાસેથી કશી જ અપેક્ષા રાખતા નથી, એ પોતાની પાસે જે કંઈ છે તે બધું સંતાનોમાં વહેંચતા રહે છે. એક અનામી વ્યક્તિએ કહ્યું છે : ‘જ્યારે પિતા પુત્રને કશુંક આપે છે ત્યારે બંને જણ હાસ્ય કરે છે, પરંતુ જ્યારે પુત્ર પિતાને કશુંક પણ આપે છે ત્યારે પિતા પ્રસન્નતાથી રડતા હોય છે.’

ક્યારેક એવું બને કે સંતાનો પિતાને એમના મૃત્યુ પછી વધારે સારી રીતે સમજી શકે છે. પિતાની કાયમી ગેરહાજરી એમની ઉપસ્થિતિનો અહેસાસ કરાવે છે. પિતાને દેશમાં છોડીને વિદેશ રહેવા ગયેલા એક પુત્ર પિતા ચાલ્યો ગયેલો એક પુત્ર પિતા અવસાન પામ્યા ત્યારે એમની પાસે નહોતો. વૃધ્ધ પિતાને એકલા છોડી દેનાર પુત્રને પિતા અવસાનથી ઊભી થયેલી ખાલી જગ્યાનું ભાન થાય છે. એ પોતાની પીડા કોઈકની પાસે વ્યક્ત કરવા માગે છે ત્યારે એને પહેલી વાર સમજાય છે કે એ પોતાની વેદના જેની પાસે પ્રામાણિકપણે વ્યક્ત કરી શકે તેવી વ્યક્તિ - એના-પિતા-તો હવે નથી.

એ મૃત પિતાને પત્ર લખે છે : ‘હવે મને સમજાય છે કે તમે મારા માટે કેટલું બધું કર્યુ છે. મને મોટો અને સફળ બનાવવા માટે તમે તમારી યુવાનીનો ભોગ દીધો. તમે માત્ર મારા માટે જીવ્યા, તમારું જીવન તો જીવ્યા જ નહીં. હું મારા ભવિષ્ય માટે તેમને છોડીને દૂર ચાલ્યો ગયો, પરંતુ તમે મને ક્યારેય છોડયો નહીં. તમે મને પાછા વળી આવવા માટે પણ ના કહ્યું કારણ કે, હવે મને સમજાય છે, તમે મને આગળ વધવા માટે મોટો કરતા રહ્યા હતા. હું અગળ વધ્યો કે નહીં તેની મને ખબર નથી, પણ હું તમારાથી ખૂબ દૂર ચાલ્યો ગયો. આ વાત મને વહેલી સમજાય હોત. તો કદાચ હું પાછો આવી શકત, પરંતુ હવે તે શક્ય નથી - હવે હું તમારી નજીક આવવા તલસું છું ત્યારે તમે પોતે જ એટલા બધા દૂર નીકળી ગયા છો કે ....ના, તમે ક્યાંય ગયા નથી. હું દર ક્ષણે તમને મારી ભીતર અનુભવી રહ્યો છું. પિતાજી, હું ન આવ્યો, પણ તમે પાછા આવી ગયા છો, મારી ભીતર....!’

પિતા-પુત્ર-પિતાનું વર્તુળ ચાલતું જ રહે છે. એક પુત્રે પિતાને સંબોધીને લખ્યું છે : ‘ડેડી, તમે બૂટની દોરી જાતે કેમ બાંધવી તે મને શીખવતા રહ્યા હતા. મેં પહેલી વાર મારા બૂટની દોરી જાતે બાંધી ત્યારે હું ઉત્તેજિત થઈને બોલી ઊઠયો હતો : ‘ડેડી, મેં બૂટની દોરી જાતે બાંધી!’ આજે મારા દીકરાએ પણ પહેલી વાર જાતે બૂટની દોરી બાંધી ને એ પણ ઉત્તેજનાપૂર્વક બોલી ઊઠયો : ‘ડેડી, મેં બૂટની દોરી જાતે બાંધી.....!’ આ બે ઘટના વચ્ચે માત્ર એટલું જ બન્યું છે : એક સમયે જે તમે હતા તે હું હવે બની ગયો છું. તમે ચાલ્યા જઈને પણ પાછા આવી ગયા છો.’


**ઢોલી ઈબ્રાહિમ અલી મહોમ્મદ**

**જુના અને પ્રખ્યાત કચ્છ માતાનામઢ વાળા**

**સ્પેશ્યાલિસ્ટ: ડાંડીયા રાસ, લગ્નગીત અને**

**ઢોલ શરણાઈના સ્ટેજ પ્રોગ્રામ**

૨૦૫-એ વીંગ, બીજે માળે, નટરાજ અપાર્ટમેન્ટ,
કિસન નગર, પંચપરમેશ્વર મંદિરની બાજુમાં,
મુલુન્ડ ચેકનાકા, થાણા - ૪૦૦ ૬૦૪.
મોબાઈલ : ૯૮૯૨૫૩૬૩૨૭ ઘર : ૨૫૮૦૦૧૨૯

## કેન્સરની વિજયની કે.ડી.ઓ. પ્રેરક કથાઓ

કેન્સરની સમયસર સારવાર લઈને સાજા થયેલા એકબીજા તથા કેન્સરના નવા દરદીઓ સાથે પોતાના અનુભવો વહેંચી અને નવું જોય મેળવે એ માટે પહેચાન કાઉન્સિલીંગે ધ હેલ્થકેર ગ્લોબલ હોસ્પિટલનીપહેલેથી ઉપાડેલા કામમાં કેન્સર પીડિત કેડીઓ તથા તેમના સગાંઓ તેમજ કેડીઓ સમાજ સેવકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે.

આ પહેલમાં એકઠા થયેલા કેન્સરને જાકારો આપનારાઓના તથા કેન્સર સામેના જંગમાં મદદરૂપ થનારાઓનો મળીને ૧૫૦ જેટલા વીડીયોમાંથી ૧૫નું નોંધપાત્ર યોગદાન પહેચાન તરફથી હતું.

કેન્સર સામેના જંગની પ્રેરક કથાઓના વીડીઓથી સ્પર્ધામાં પહેચાન કાઉન્સીલીંગ દ્વારા સ્પર્ધામાં ભાગ લેનારા બેંગ્લોરના જ્ઞાતિજન શ્રીમતી જ્યોતિ સુધીર મોતાને જાણીતા ક્રિકેટર હરભજન સિંહના હાથે ત્રીજું ઈનામ પ્રાપ્ત થયું.

કેન્સર સામેના જંગમાં અણનમ રહેલા જ્ઞાતિજન શ્રીમતી હંસા ચિમનલાલ દંડ (કોઈમ્બતુર), શ્રી અનિલ હિરાચંદ નાગડા(કોઈમ્બતુર), શ્રીમતી જ્યોતી સુધીર મોતા (ભોપાલ), અને આશિષ બુધ્ધિધન મોમાયા તેમજ શ્રીમતી મેના ત્રિકમજી મોમાયા પણ પોતપોતાના કેન્સર સામેના સફળ જંગના પ્રેરક વીડીયો મોકલી આ સ્પર્ધામાં સહભાગી થયા હતા. કેન્સર સામેના જંગમાં દરદીઓને મદદરૂપ થનારા જ્ઞાતિજનો પ્રિયાંશ મોતા (ભોપાલ), શ્રીમતી રશ્મિ બુધ્ધિધન મોમાયા(તિરુપુર), શ્રીમતી સરલા શાંતિલાલ મોમાયા (બૅંગલોર), શ્રીમતી અર્ચના રાજેશ મોતા(બૅંગલોર)ના વીડીઓ પણ પ્રેરણાદાયી હતા.

આ વીડીયો www.facebook.com/pehchan પર જોઈ શકાશે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોળી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

સંપર્ક : દિનેશ દેઢિયા 92234 25676


આ પહેલમાં સહયોગ આપનારા સૌનો પહેચાન કાઉસીલીંગના અલ્પા ગૌતમ ધરમશી(૦૯૫૯૧૨૭૯૦૩૬) એ હૃદયપૂર્વક આભાર માન્યો છે.

તેમણે કેન્સર સામેના જંગ માટે સંદેશો મોકલ્યો છે કે :

**કેન્સરની શક્તિ એટલી મર્યાદિત છે કે**
**તે પ્રેમને અપંગ બનાવી શકતું નથી.**
**તે આશાને વિખેરી શકતું નથી.**
**તે શ્રધ્ધાને ઉડાડી શકતું નથી.**
**તે શાંતિ ખતમ કરી શકતું નથી.**
**તે મૈત્રીને મારી શકતું નથી.**
**તે અચ્છે દિન દબાવી શકતું નથી.**
**તે હિંમતને ચૂપ કરાવી શકતું નથી.**
**તે આત્મા પર આક્રમણ કરી શક્તું નથી.**
**તે જીવન અમૃતને ચોરી શક્તું નથી.**
**તે જુસ્સાને પરાજિત કરી શકતું નથી.**


Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

રીયલ બટ કસબની સાડી બોર્ડર પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
પાનેતર બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

**જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.**

**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

## નવી કડી, નવા અનુભવો, નવા વિચાર કરવાની પ્રેરણા....




૧. એક સબંધીને ત્યાં ગઈ તો એમના વડીલો ચૂપચાલ બેઠા હતા. કંઈ પણ બોલવા પણ વિચાર કરતા હતા. ગભરાતા હતા. બંન્ને હોશિયાર ને કુટુંબ પ્રેમી હતા છતાં લાચાર હતા. કેમ વહુ છોકરા પાસે એ દીન થઇ ગયા.

એમના જમાનામાં બધા જોડે મજા મશ્કરી કરતાં હતાં પણ હમણાં તો જાણે એમની સ્વરપેટી જ કોઈએ કાઢી લીધી હતી ઓશિયાળા, દીન બની ચુપચાપ જોતા, સાંભળતા હતા. આવી હાલત કેમ શું વહુદિકરોની જોહુકમી ? જો એમ હોય તો શું વહુદિકરો મોટા નહીં થાય ? એ હંમેશા શું જુવાન જ રહે ? શું એમને ત્યાં પુત્રવધુ આવશે ત્યારે જ શું એમની આંખ ઉઘડશે ? અરે ત્યારે તો ખૂબ મોડું થઈ ગયું હશે, ને ત્યારે પસ્તાવો થશે, તો શું કામનું ? પછી પછતાયે ક્યા હોગા, જબ ચિડિયા ચુગ ગઈ ખેત....

૨. એક સંબંધીને ત્યાં મુલાકાત લીધી, એમના બાળકો ઓળખતા પણ નહોતા. ને છતાં તેઓ એટલા મનથી સામે આવીને બેઠા જાણ એમ જ લાગતું હતું કે હું ગઈ છું એ એમને (બાળકોને) ગમ્યું છે. આજે તો બાળકોને તો કોઈ આવે તે ગમતું નથી. એમને ગમે છે માત્ર એમના મિત્રો અને પપ્પા મમ્મીના સારા સંબંધો હોય એ જ મિત્રો સાથે ઓળખાણ અને સંબંધ હોય છે. વળી એમના વડીલો પણ જાણે બાળકની તરફેણ કરતાં હોય છે, કે છોકરાઓને આ બધો જમેલો ગમતો નથી. સગાસંબંધી એમને જમેલો લાગે તો સ્વાભાવિક છે કે બાળકોને પણ અરે જમેલો જ લાગશે. જ્યારે અહીં તો મને પ્રેમનો, કાટુંબિકતાનો સારો અનુભવ થયો. એ બાળકો તથા એમના માબાપને ધન્ય છે કે આવા સુસંસ્કાર બાળકોમાં રેડ્યા છે. એમના મોટા ભાભી બહાર જતાં હતાં ત્યારે એમને પણ એટલા પ્રેમ પૂર્વક વિદાય આપી.

બધાં સાથે સંયુક્ત કુટુંબમાં રહે છે. એ સંસ્કારી કુટુંબ એટલે ડોંબિવલી રહેતા જખૌના શ્રીમતી ચંદા નીલેશ લક્ષ્મીચંદ મહેશ્વરીનો પરિવાર.

એક જ્ઞાતિબેનને ત્યાં જવાનું થયું મારી બેન અ.સૌ. ઈન્દિરા વિજય મોતાના કૌટુંબિક છે આજકાલ પૈસાવાળાને ત્યાં જઈએ તો 'આવ્યા શ્રેણિક તો નાખો વખારે' જેવી હાલત હોય. તમને જે કામ હોય તે પતાવો ને જાઓ. નસીબ સારા હોય તો પાણી નસીબ થાય નહીં તો જાણે આપણને માથે પડેલા મફતલાલ જેવા ગણી લેવાય.

પણ આ તો અતિ ગર્ભશ્રીમંત ઘર. હું અને એમના સાસુ ઘણીવાર પર્યટન, સહેલગાહ કે અમારી સીનીયર સીટીઝન ની મુસાફરીમાં સાથે હોઈએ તેથી એકબીજાને ઓળખીએ પણ એમની વહુ જોડે ફક્ત હલ્લો, હાય જ કર્યુ હતું. તેથી મને એમના ઘરે જતાં સંકોચ થતો હતો. પણ મારી બેન જબરદસ્તી લઈ ગઈ.

ત્યાં એ વહુએ એટલી સરસ રીતે ઉષ્મા ભર્યું સ્વાગત કર્યું ને વાર્તાલાપ કર્યો પ્રેમથી નાસ્તો, કોફી વગેરે આપ્યા. સાથે જ મારો ભ્રમ ભાગી ગયો કે પૈસાવાળાને સો ગજના નમસ્કાર ઉલટ મારૂં મસ્તક ઝુકી ગયું સન્નારીને બીજી કોઈ નહીં પણ ટી.કી. ટારવાળા માતુશ્રી રતનબાઈની પ્રેમાળ સંસ્કારી વહુ ને ઉજજૈન વાળા સૌ. નિર્મલાબેનની સુપુત્રી અસૌ. પારૂલ મોતા (મુલુંડ)

૪. પાંજો પ્રતિબિંબનો ઈનામ વિતરણ સમારંભ હતો. ઘટકોપરની ભાટિયાવાડીમાં લગભગ ૧૦ -૧ ૫ વર્ષ પહેલાંની વાત છે એક છોકરો જેણે એસ. એસ. સી. માં વિક્રમજનક પરિણામ લાવ્યો હતો, એને ઈનામ આપતા પુછયું કે તારા આવા સુંદર પરિણામનો શ્રેય કોને આપીશ ? તને કેમ આટલા સરસ માર્કસ આવ્યા ત્યારે એ છોકરાંએ જવાબ આપ્યો શિક્ષકોને, મારી મહેનતને, પણ સૌથીવધુ યશ મારી જનેતાને આપું છું સાંભળીને મન પુલહિત થઈ ગયું. આજે પણ એ છોકરી જેણે માની કિંમત કરી તે અ.સૌ. નવલ મધુકર મેઘજી મોતા નલીયા - મદ્રાસ - હાલે અમદાવાદનો સુપુત્ર શૈલેશ જે હમણાં વિદેશ માં છે. પણ આપણું મસ્તક એના સંસ્કારો સામે ઝુકી જાય છે.

૫. હમણાં પરબની બહેનો તરફથી માતૃવંદના નો પ્રોગ્રામ નારાણજી શામજીની વાડીમાં હતો. ત્યારે જ્ઞાતિની પાંચ જરૂરિયાતમંદ બાળાઓ ને લેપટોપની ભેટ આપી સન્માન કરવામાં આવ્યું એમના સન્માન વખતે કંઈ પણ બોલવા માટે અનુમોદના થઈ ત્યારે એક સંસ્કારી કદરદાન છોકરીએ કહ્યું કે આજે હું જે પણ છું. મને જે પણ ઈનામો મળ્યા છે, મેં ઉજાતિ કરી છે તે મારી મા ને લીધે. ફક્ત મારું સન્માન હું ન પસંદ કરું મારી માને પણ સ્ટેજ પર બોલાવી. કેવી ઉદાત ભાવના ? કેવી સંસ્કારી ? એ બાલિકા એટલે અ.સૌ. ભારતી ગૌતમ નાગડા (હાલે - મુલુંડ) ની સુપુત્રી ઉત્સાહથી થનગનતી પુત્રી એટલે આસ્થા. બાલો ઝુકી જ જવાય ને ?

# નારી પ્રત્યે જૈનધર્મનો દષ્ટિકોણ : (ભાગ-૧) પ્રસ્તાવિક

- ડૉ.પ્રવીણભાઈ સી.શાહ

વનિતા



વિશ્વ

ભગવાન મહાવીરે તેમના ચતુર્વિધ સંઘમાં શ્રાવક તથા શ્રાવિકાઓને સમાન સ્થાન આપ્યું છે અને તેમના મનમાં સ્ત્રીઓ માટે એક વિશેષ આદર ભાવના હતી. જૈન ધર્મ અને સંસ્કૃતિમાં પ્રથમ તીર્થકરથી પ્રારંભ કરીને વીસમી સદી સુધીમાં નારીનું સ્થાન કેવું હતું અને છે તે વાત માંગી લે તેવી છે.

જૈન શાસ્ત્રોમાં આગમિક કાળમાં નારી, પ્રથમ તીર્થકર ઋષભદેવના સમયથી ત્રેવીસ તીર્થકરોના સમય સુધીની નારી, મહાવીરના પરિવારની નારીઓ, મહાવીરના સમય પછીની નારીઓ વગેરેનું વિસ્તારથી આલેખન કર્યું છે.

જૈન ધર્મ શ્રમણ પરંપરાનો ભાગ જ છે. તેમાં નર અને નારીની સમતા પર ભાર મૂકવામાં આવ્યો છે, સ્ત્રી એટલે દાસી અથવા ભોગ્ય વસ્તુ એ વાતને કાઢી છે. સ્ત્રીને પુરુષ સમાન દરજ્જો આપવામાં આવ્યો છે તે છતાં એ વાત સ્ત્ય છે કે જૈન ધર્મ અને સંસ્કૃતિ વિકાસ પુરુષ પ્રધાન પરિવેશમાં જ થયો છે. ફળ સ્વરૂપે ક્રાંતિધર્મી હોવા છતાં તે સમયની બ્રાહ્મણ પરંપરાના વ્યાપક પ્રભાવથી અપ્રભાવિત ન રહી શક્યો. વિવિધ સમયે નારીની સ્થિતિમાં પરિવર્તન થતું રહ્યું.

ઉત્તર ભારત અને દક્ષિણ ભારતની સામાજિક પરિસ્થિતિની ભિન્નતાને લીધે અને શ્વેતાંબર તથા દિગંબર પરંપરાઓના ભેદને કારણે જૈન આચાર્યોનો દષ્ટિકોણ નારી વિષે ભિન્ન ભિન્ન રહ્યો છે. ઉત્તર ભારતના શ્વેતાંબર જૈન આચાર્યો નારી વિષે ઉદાર દષ્ટિકોણ રાખે છે. પરંતુ દક્ષિણ ભારતના દિગંબર આચાર્યો સંકુચિત દષ્ટિકોણ રાખે છે.

નારી વિષયક જે આલેખન આગમો તથા આગમિક વ્યાખ્યા સાહિત્યમાં ઉપલબ્ધ થાય છે તેને ભિન્ન ભિન્ન સમય ખંડમાં વિભાજીત કરીને પરંપરાગત અને લૌકિક એમ બે સ્વરૂપનું વિશ્લેષણ કરવું જોઇએ. આ રીતે ભારતીય સમાજમાં જુદા જુદા સમયે નારીની સ્થિતિ કેવી હતી તેનો ઐતિહાસિક પરિચય પ્રાપ્ત થશે.

જૈન ધર્મના મૂળભૂત રીતે નિવૃત્તિપરક ધર્મ છે. નિવૃત્તિપરક હોવાને કારણૈ તેમાં સંન્યાસ અને વૈરાગ્ય પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. સંન્યાસ અને વૈરાગ્ય માટે એ આવશ્યક હતું કે પુરૂષની સામે નારીનું એવું ચિત્ર રજૂ કરવામાં આવે કે ફળસ્વરૂપે તેનામાં વિરક્તિનો ભાવ ફૂટે. આ કારણે જૈનાચાર્યોએ આગમો તથા આગમિક વ્યાખ્યાઓ અને બીજા સાહિત્ય કઠોર શબ્દોમાં નારી ચરિત્રની નિંદા કરી, પરંતુ એનો અર્થ એવો નથી થતો કે જૈનાચાર્યોએ નારી ચરિત્રનું ઉજ્જવળ પાસું તપાસ્યું નથી. સૂત્રકૃતાંગ નિર્યુક્તિમાં સ્પષ્ટરૂપે કહ્યું છે કે શીળ પ્રધ્વંસક ચરિત્રગત દોષ નાતીમાં જોવામાં મળે છે તે પુરૂષોમાં પણ મળે છે તેથી વૈરાગ્ય માર્ગને અનુસરનાર સ્ત્રીઓએ પુરૂષોથીએ પ્રકારે બચવું જોઈએ જે પ્રકારે પુરૂષોને સ્ત્રીઓથી બચવાનું કહ્યું છે.

સ્ત્રીઓની પ્રશંસા કરતાં કહેવામાં આવ્યું છે કે જે ગુણવંતી સ્ત્રીઓ છે તેની કીર્તિ લોકોમાં ફેલાય છે તથા જે મનુષ્ય લોકમાં દેવતા સમાન છે અને દેવો વડે પૂજાય છે તેની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. તીર્થકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ અને ગણધરોને જન્મ આપનારી મહિલાઓ શ્રેષ્ઠ દેવો તથા ઉત્તમ પુરૂષો વડે પૂજનીય ગણાય છે. કેટલીય સ્ત્રી એક પતિવ્રત તથા કૌમાર્ય બ્રહ્મચર્યવ્રત ધારણ કરે છે. કેટલીક સ્ત્રીઓ વૈધવ્યનું તીવ્ર દુઃખ જીવન પર્યત ભોગવતી હોય છે. કેટલીક શીલવતી સ્ત્રીઓ દેવો દ્વારા સન્માનીય બની છે. કેટલીક શીલવતી સ્ત્રીઓ પોતાના શીલના પ્રભાવ દ્વારા શાપ આપવા તથા તેમાંથી મુક્ત કરવા સમર્થ બની છે.

આ રીતે વાસુદેવ તથા તીર્થકર દ્વારા પૂજ્ય માનવામાં આવી છે. મહાનિશીથમાં કહ્યું છે કે જે સ્ત્રી ભય, લોકલજ્જા, કુલાંકુશ તથા ધર્મ શ્રધ્ધાને કારણે કામાગ્નિથી વશીભૂત થતી નથી તે ધન્ય છે, પૂજ્ય છે, વંદનીય છે, દર્શનીય છે. તે ગુણોથી યુક્ત છે, સર્વ કલ્યાણકારક છે, તે સર્વોત્તમ મંગલ છે, તે સાક્ષાત શ્રુતદેવતા છે, સરસ્વતી છે, અચ્યુતા છે, પરન પવિત્ર સિધ્ધિ, મુક્તિ, શાશ્વત, શીવગતિ છે.

જૈન ધર્મમાં તીર્થકરનું પદ સર્વોચ્ચ માનવામાં આવે છે અને શ્વેતાંબર પરંપરાએ મલ્લિકુમારને તીર્થકર માન્યા છે.

બ્રાહ્મી, સુંદરી, ચંદના વગેરેને વંદનીય માનવામાં આવ્યા છે. તીર્થકરોની અધિષ્ઠાયક દેવીઓના રૂપમાં ચક્રેશ્વરી, અંબિકા, પદ્માવતી, સિધ્ધાયિકા વગેરે દેવીઓને પૂજનીય માનવામાં આવે છે. અને તેમની સ્તુતિ અનેક સ્તોત્રો રચાયાં છે. એક વાત સ્પષ્ટ છે કે જૈન ધર્મૂમાં દેવી પૂજાની પધ્ધતિ લગભગ હિંદુ પરંપરાના પ્રભાવને લીધે આવી છે.

ઉત્તરધ્યાયન તથા દશવૈકાલિકની ચૂર્ણિમાં રાજીમતી દ્વારા મુનિરહનેમિને તથા આવશ્યકચૂર્ણિમાં બ્રાહ્મી અને સુંદરી દ્વારા મુનિબાહુબલિને પ્રતિબોધિત કરવાના ઉલ્લેખો પ્રાપ્ત થયા છે. માત્ર ભિક્ષુણીઓ જ નહીં પણ ગૃહસ્થ સન્નારીઓ પણ પુરૂષોને સન્માર્ગે લાવવાના હેતુસર પ્રતિબોધિત કરતી હોય છે.એ જ પ્રમાણે શ્રાવિકા જયંતી ભરી સભામાં પ્રભુ મહાવીરને પ્રશ્નો કરે છે, અને કોશાવેશ્યા પોતાના આવાસામાં સ્થિત એવા મુનિને સન્માર્ગ બતાવે છે.

આ રીતે તથ્ય પ્રમાણિત થાય છે કે જૈન ધર્મમાં નારીની અવગણના કરવામાં આવી નથી. ચતુર્વિધ ધર્મસંઘમાં ભિક્ષુણી સંઘ અને શ્રાવિકા સંઘને સ્થાન આપીને નિર્ગ્રથ પરંપરાએ સ્ત્રી અને પુરૂષની સમાનતા ને પ્રમાણિત કરી છે. પ્રાર્શ્વનાથ અને પ્રભુ મહાવીરે વિના સંકોચ ભિક્ષુણી સંઘની સ્થાપના કરી. બુધ્ધને આ બાબતમાં સંકોચ રહ્યો. આમ જૈન સંઘનો નારી પ્રત્યેનો દષ્ટિકોણ ઉદાર છે.

# ટૂંકી વાર્તા: હૃદય પરિવર્તન

આરાધક ગાંધી અને એમની પત્ની ધૈર્યા એમના ઘરથી દૂરના વિસ્તારમાં આવેલા એક પ્રાયવેટ નર્સિંગ ગોમમાં પહોચી ગયાં.

ભારે હૈયે અને ધીમા પગલે પતિ - પત્ની ડોક્ટરની કેબિનમાં પ્રવેશ્યાં ડો. ક્રિસ્ટી જાડા, કાળી ફ્રેમના મોટાં ચશ્માં ધારણ કરીને મોટી રિવોલ્વિંગ ચેરમાં માંડ સમાતા બેઠા હતા.

આરાધક ગાંધી ટેબલની બીજી બાજુએ પડેલી ખુરશીમાં બેસી પડયા. ધૈર્યાબહેન હજુ બેસવા જ જતાં હતાં, ત્યાં ડોક્ટરનો ફોન રણક્યો. ઘરેથી હોવો જોઈએ, એમની પત્નીનો..

'બોલ, ડાર્લીંગ! શું કામ હતું?' ડો. ક્રિસ્ટીનો અવાજ મોટો અને ભારે હતો. સામેથી એમની વાઈફ શું બોલતી હશે એ અનુમાનનો વિષય હતો, પણ ડોક્ટરના જવાબ ઉપરથી એ અનુમાન થઈ શકતું હતું.

'જમવાનું? લંચમાંને? અત્યારે આવો સવાલ નહીં પુછવાનો, હની! હજી હમણાં તો ડબલ એગની ઓમ્લેટ અને બે કપ ચા જમાવીને નીકળ્યો છું. પેટમાં જરા પણ જગ્યા નથી... હા, પણ જમવું તો પડશે જ ને? બે - અઢી વાગતાં સુધીમાં તો ભુખ.... એમ કર, આજે લંચમાં નોન વેજ શાક અને બટર પરાઠાં બનાવી નાખજે.... ચાલ, ફોન મુકું છું.... પેશંટ છે....'

માંસાહારી વાનગીનો ઉલ્લેખ સાંભળીને સામે બેઠેલાં પત્ની-પત્ની કંપી ઊઠયાં. મનોમન નવકાર મહામંત્રનું રટણ કરવા લાગ્યાં. ત્યાજ ડો. ક્રિસ્ટીનો અવાજ સંભળાયો. પુછતા હતા, બાલો, શા માટે આવવું પડયું?

'સાહેબ, તમે ગર્ભપાત કરી અટ્ટપો છો ને?' આરાધક ગાંધી પુછી બેઠો.

'અફ કોર્સ, યસ.' ડો. ક્રિસ્ટીએ કહ્યું, કેમ નહી? ગર્ભપાત કાયદેસર છે. બધા ક્વોલિફાઈડ ગાયનેકોલોજિસ્ટ્સ કરી આપે છે. હું પણ...

'બસ ત્યારે... અમે એ માટે જ આવ્યાં છીએ. આ મારી પત્ની છે. એને અઢી મહિનાનો ગર્ભ છે. અમારે એક દીકરી અને એક દીકરો ઓલરેડી છે. આર્થિક રીતે અમારી હાલત નબળી નથી અને એટલી બધી સધ્ધર પણ નથી, પણ આ કાળજાળ મોંઘવારીમાં અમારે ત્રીજું બાળક....'

'નો પ્રોબ્લેમ. હમણાં જ તમારી મોંઘવારીની સમસ્યા દૂર કરી આપું છું..... એનેસ્થેટિસ્ટને ફોન કરું એટલી જ વાર. બહેન તમે ભૂખ્યાં જ આવ્યાં છો ને? સવારથી કંઈ ખાધુ - પીધૂ નથી ને?'

'ના સાહેબ! ગઈ કાલે ચૌવિહાર કર્યો હતો. સુર્યાસ્ત પછી પાણી પણ પીધું નથી. આજે સવારે નવકારશિમાંપણ કંઈ લીધું નથી.' ધૈર્યાબહેને જવાબ આપ્યો ડોક્ટર ચોંકી ગયા, 'ચૌવિહાર! એટલે કે..... તમે..... જૈન છો?' 'હા, સાહેબ, અમે ચુસ્ત જૈન છીએ.' આરાધકભાઈની આંખોમાં મજબુરીના વેદના ઉપસી આવી.

'અરેરે! જૈન શ્રાવક થઈને તમે ભ્રુણહત્યા કરાવવા આવ્યાં છો? આઈ એમ સો સોરી. યે બાત કુછ હજમ નહીં થઇ.'

'સાહેબ, તમારો ખુબ ખુબ આભાર. અમે ઘરેથી નીકળ્યાં ત્યારથી જ અવઢવમાં તો હતાં જ, પણ તમે અમને મજબુત બનાવી દીધાં. અમે આ બાળકને હવે જન્મ લેવા દઈશું. મોંઘવારી ગમે એટલી વધે, પણ માતૃત્વ અને પિતૃત્વથી એ ક્યારે આગળ નહીં જઈ શકે. આપની ફી?'

'પચાસ રૂપિયા, ડો. ક્રિસ્ટી હસ્યા, ફી તો હું જરૂર લઈશ. ભ્રુણ હત્યાના કામ કરતાંપણ વધારે અઘરું કામ મેં કર્યું છે,' 'સાહેબ! બદલામાં હું તમારી પાસે કંઈક માગી શકું?'

'યસ...???'

'સાહેબ, તમે પણ જીવનમાં અહિંસા ન અપનાવો? માંસાહાર આરોગવાનું બંધ ન કરી શકો, સાહેબ?'

ડો. ક્રિસ્ટી થોડી ક્ષણો પુરતા ચુપ રહ્યા. જાણે પોતાના મનને સમજાવી રહ્યા! પછી નિશ્ચિયાત્મક સુરમાં બોલી ઊઠ્યા, 'અલબત્ત, સામે બેઠેલાં પતિ - પત્નીને ઉદ્દેશીને નહીં, પણ ઘરે જોડેલા ફોનના સામા છેડે પત્નીને ઉદ્દેશીને,

'ડાર્લિંગ, આજે મારા માટે.... આજથી મારા માટે માંસાહારી વાનગી કયારેય ન બનાવીશ. કારણ જાણવું છે, એ તને ઘરે આવીને કહીશ. અત્યારે તને નહીં સમજાય. કોઈએ મારું કહેવું માન્યું છે, બદલામાં મારે પણ એનું કહેવું માનવું પડશે. બાય, સી યુ એટ વેજિટેરિયન લંચ.'

## શ્રી લાલા તીર્થે પર્યુષણ પર્વની ભાવભેર ઉજવણી

સંવત ૨૦૭૦ શ્રાવણ વદ ૧૩ શનિવાર તા. ૨૩-૮-૧૪ થી ભાદરવા સુદ ૫ શનિવાર તા. ૩૦-૮-૧૪ સુધી પર્યુષણ પર્વ દરમ્યાન સુંદર ભવ્ય આરાધના - સાધના શ્રી લાલા તીર્થે થયેલ.

ગામવાસીઓ - નીયાણી બહેનોએ સારી સંખ્યામાં હાજર રહી, આનંદપૂર્વક ઉજવણી કરી.

વા.વા.લા.પ.રા. ના પાંચે ગામોની સાથે લાલા ગામમાં પર્વની ઉજવણી થતા ગામવાસીઓમાં અનેરી આનંદની લાગણી ફેલાઈ અને દર વર્ષે આવી સુંદર રીતે પર્યુષણ પર્વ ઉજવાય, તેવી શુભ ભાવનાઓ જાગૃત થઈ. સૌ આરાધનામય - ભક્તિમય થઈ ગયેલ.

વિદ્યાપીઠથી પધારેલ બે બહેનોએ સુંદર વાંચન કરી, આરાધનાઓ કરાવી. બંને બહેનોએ શ્રી લાલા તીર્થમાં પધારવાનો ગૌરવ અને આનંદ વ્યક્ત કર્યો. બંને બહેનોનું તેમ જ તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ.

પર્વ દરમ્યાન વિવિધ ગામો - નલીયા, સાંધવ, જખૌ, રાપર, પરજાઉ વિગેરેના પ્રતિનિધિઓ / ટ્રસ્ટીઓએ લાલા તીર્થે પધારી આનંદમાં અભિવૃધ્ધિ કરી અને એક નાના લાલા ગામની પર્યુષણ પર્વની ઉજવણીથી મહાનુભાવો પ્રભાવિત થયેલ.

''સ્વપ્નદર્શન''ની ઉછામણી કુલે ૩૩૬૯૪ મણ થયેલ. પોથી ૫૫૫ મણમાં અને પારણું ૨૫૧ મણમાં પધરાવવામાં આવેલ.

પ્રમુખશ્રી કુસુમકાંત ટોકરશી નાગડા તથા ટ્રસ્ટી શ્રી સુર્યકાંત હીરજી દંડ ઉપસ્થિત રહેલ.

### ''સ્વપ્નદર્શન'' ઉછામણીના લાભાર્થી પરિવારો

| | | |
|---|---|---|
| (૧) | શ્રી કુસુમકાંત ટોકરશી નાગડા | ૬૦૦૪ મણ |
| (૨) | શ્રીમતી હીરાવંતી કુસુમકાંત નાગડા | ૧૫૦૧ મણ |
| (૩) | શ્રીમતી નીલમ વિજય દંડ - મંજલ રેલડિયા | ૩૦૦૨ મણ |
| (૪) | શ્રીમતી લતા સુર્યકાંત દંડ | ૩૮૫૨ મણ |
| (૫) | માતુશ્રી ચંદનબેન વસનજી પટેલ - સાંયરા | ૯૬૨ મણ |
| (૬) | શ્રી ઉમરશી શામજી દંડ | ૧૨૫૨ મણ |
| (૭) | માતુશ્રી હીરબાઈ રતનશી દંડ | ૧૦૦૧ મણ |
| (૮) | શ્રી નવીનભાઈ હીરજી દંડ - વેરાવળ | ૪૫૦૨ મણ |
| (૯) | શ્રી હીરાચંદ નરશી દંડ | ૪૫૦૩ મણ |
| (૧૦) | શ્રીમતી હેમલતાબેન જયંતીલાલ દેઢીયા - ગઢશીસા | ૩૩૦૩ મણ |
| (૧૧) | શ્રી હીરાચંદ હરશી મોમાયા | ૧૭૦૩ મણ |
| (૧૨) | માતુશ્રી સોનબાઈ વસનજી દંડ | ૧૪૫૬ મણ |
| (૧૩) | શ્રી ઉમરશી મેઘજી મૈશેરી | ૪૦૧ મણ |
| (૧૪) | શ્રી રાજેન્દ્ર નારણજી દંડ | ૨૫૧ મણ |

### સાધારણ ખર્ચ - સાધર્મિક ભક્તિ ફંડના લાભાર્થી પરિવારો

| | | |
|---|---|---|
| (૧) | શ્રીમાન ટોકરશી આણંદજી લાલકા | રૂા. ૧૧,૦૦૦ |
| (૨) | શ્રીમતી હીરાવંતી કુસુમકાંત નાગડા | રૂા. ૧૧,૦૦૦ |
| (૩) | માતુશ્રી મણીબાઈ હીરજી ખીંયરાજ દંડ | રૂા. ૧૧,૦૦૦ |
| (૪) | શ્રી જેઠાભા વીરજી વીરધોર દંડ | રૂા. ૫,૦૦૦ |
| (૫) | શ્રી ઉમરશી રામજી દંડ | રૂા. ૩,૫૦૦ |
| (૬) | માતુશ્રી ગુણવંતીબેન ભવાનજી દંડ | રૂા. ૨,૦૦૦ |
| (૭) | શ્રી ગોવિંદજી મુળજી આણંદજી દંડ (પટેલ) | રૂા. ૨,૦૦૦ |

લી. **શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસરજી અને મહાજન ટ્રસ્ટ**

પ્રમુખ - **શ્રી કુસુમકાંત ટોકરશી નાગડા** • ઉપ-પ્રમુખ - **શ્રી નવીન હીરજી દંડ** • માનદ્ મંત્રી - **શ્રી હીરાચંદ નરશી દંડ**

## The...E..in LIFE!!!!!

***TILAKCHAND LODAYA (Chennai)*** **Email :ourbrotherhood@yahoo.co.in Mob.: 099406 36646**

Letter 'E' in the English alphabet is very important and it accompanies us till the end of our life. Men or Women don't exist without "E". House or Home can't be made without "E". Bread or Butter can't be found without "E". "E" is the beginning of "existence" and the end of "die." It's not at all in 'war' but twice in 'peace'. It's once in 'hell' but twice in 'heaven'. "E" is the first letter in 'emotions'. Hence, all emotional relations like Father, Mother, Brother, Sister, wife & friends have 'e' in them. "E" also represents 'Effort' & 'Energy'. Without "e", we would have no love, life, hope, contentment and self-realization. To see you have eyes, to hear you have ears, to smell you have a nose, to taste and speak you have a tongue.

The most prominent, eminent and exclusive word where letter 'e' is there is "E-Go". All that we experience, feel, yearn for and indulge in the chase of wealth, fame, sex, beauty, money, happiness, pleasure in the existence revolves round this word "E- go".

All our religions, ethics, sermons, theologies, meditation and related Practices, urge and teach us to overcome this E- go, which generate undesired qualities of greed, envy, jealousy, pride, anger, base instincts, unfriendly attitude, competition, superiority and other complexes, stealing, rape etc. All these make our life a struggle and full of misery, woes, sickness, strife and also tearful, tiresome, tedious, stressful, revenge oriented and above all meaningless as one day everyone has to die and go empty handed leaving behind all worldly things. What is is. What is not is not. This truth stares at us. But, surprisingly we live our whole life in such a fashion as if we have got an exemption from Yamraaj from the application of this eternal truth.

The enjoyment and experiencing pleasures through and from these senses gets us temporary happiness through ego satisfaction. Our search for permanent bliss and happiness based on the things mentioned above has proved to be futile. The ancient wisdom based on experience and knowledge states that the happiness attained in the egoless status is eternal and permanent. In this world of E-mails, E-ticket, E-paper, E-recharge, E-transfer... Never Forget "E-shwar (God)" who makes e-verything e-asy for e-veryone e-veryday.

